# સાબરકાંઠાનું વિભાજન કરી અલાયદો અરવલ્લી જિલ્લો બનાવવા હિલચાલ

## મુખ્યમંત્રીએ જૂનાગઢમાંથી ગીર-સોમનાથ અલગ જિલ્લો બનાવવાની જાહેરાત કરી તે સાથે આદિવાસી આગેવાનો સક્રિય

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર,તા.૧૪

ગુજરાતમાં જિલ્લા વિભાજનની રફતાર હજી અટકી શકી નથી. મુખ્યમંત્રી નેરન્દ્ર મોદીએ સૌરાષ્ટ્રમાં જૂનાગઢમાંથી અલગ કરીને નવા ગીર-સોમનાથ જિલ્લાની જાહેરાત કરી છે ત્યારે ઉત્તર ગુજરાતના આદિવાસી આગેવાનો ફરીથી ઉંચા થયાં છે. બીજી તરફ ભારતના બીજા સૌથી મોટા કચ્છને બે જિલ્લામાં વિભાજીત કરવાની રજૂઆત વર્ષોથી થતી આવી છે.

૧૯૯૭માં શંકરસિંહ વાઘેલા મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે છ નવા જિલ્લાની ઉતાવળે રચના કરી નાંખી હતી. આ જિલ્લા વિભાજન રાજયમાં ૧૭ વર્ષ પછી થયું હતું. એ અગાઉ રાજયમાં ૧૯ જિલ્લા અસ્તિત્વમાં હતા. નવા છ જિલ્લા તેમાં ઉમેરાતાં જિલ્લાની સંખ્યા વધીને કુલ ૨૫ થતી હતી. શંકરસિંહે આણંદ(ખેડા), દાહોદ(પંચમહાલ), નવસારી(વલસાડ), પાટણ(મહેસાણા) અને પોરબંદર(જૂનાગઢ)ને જિલ્લાનો દરજ્જો આપ્યો હતો.

જિલ્લા વિભાજનમાં વસતી અને વિસ્તાર સાથે ઘણાં બધાં પરિમાણો ધ્યાને લેવામાં આવતા હોવાથી વિસ્તારની તમામ માગણીઓને બળ મળતું નથી, કારણ કે એક નવો જિલ્લો બનાવવાથી એક જિલ્લામાં મળતું સંપૂર્ણ વહીવટી તંત્ર નવા જિલ્લામાં પ્રદાન કરવાનું હોય છે.

રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ૨૦૦૮માં સુરતમાંથી કેટલાક તાલુકા અલગ કરીને તાપી જિલ્લાની રચના કરી હતી. હવે ૨૦૧૨માં જૂનાગઢમાંથી છ તાલુકા અલગ કરીને ગીર-સોમનાથ અલગ જિલ્લો બનાવવાની જાહેરાત કરી છે. આ જિલ્લો ૨૬મી જાન્યુઆરી-૨૦૧૩ના રોજ અસ્તિત્વમાં આવશે.

જિલ્લા વિભાજનની આ રફતારમાં હવે આદિવાસી જિલ્લા સક્રિય બન્યાં છે. ઉત્તર ગુજરાતના ચાર તાલુકા ભિલોડા, મેઘરજ, વિજયનગર અને ખેડબ્રહ્માને જુદા પાડીને અરવલ્લી નામનો નવો જિલ્લો બનાવવાની દરખાસ્ત આદિવાસી આગેવાનો દ્વારા ૨૦૧૦માં રાજ્યપાલને કરવામાં આવી હતી. આ દરખાસ્તને સક્રિય બનાવવાની હિલચાલ ફરીથી શરૂ થઈ ચૂકી છે. જો આ જિલ્લો અસ્તિત્વમાં આવે તો સાબરકાંઠા જિલ્લાનું વિભાજન થઈ શકે છે.

દરખાસ્તમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે અંગ્રેજોએ ૧૮૭૨માં શિડ્યુઅલ ડિસ્ટ્રીક્ટ એક્ટ બનાવ્યો હતો અને આદિવાસી ક્ષેત્રોનો અલગ વહીવટ કરવાની વ્યવસ્થા ગોઠવી હતી. આ કાયદામાં ૧૯૧૯ અને ૧૯૩૫માં ફેરફાર કરવામાં આવ્યો હતો ત્યારબાદ ૧૯૫૦માં ભારતના બંધારણમાં આ ચાર તાલુકા શિડ્યુઅલ એરિયા તરીકે જાહેર કરવામાં આવ્યા છે. ૧૯૭૭માં ફરીથી સુધારા કરવામાં આવ્યા હતા પરંતુ આ તાલુકાઓને અલગ વહીવટ મળ્યો નથી.

જો આ ચાર આદિવાસી તાલુકાને ભેગા કરીને અલગ જિલ્લો બનાવવામાં આવે તો હાલના સાબરકાંઠા જિલ્લાની ૪૫ ટકા વસતીને સરકારની વિવિધ યોજનાઓનો લાભ મળી શકે છે. જો આ ચાર તાલુકા અગલ કરવામાં આવે તો સાબરકાંઠામાં વડાલી, ઈડર, હિંમતનગર, પ્રાંતિજ, મોડાસા, તલોદ, ધનસુરા, બાયડ અને માલપુર એમ કુલ નવ તાલુકા બાકી રહે છે.

અરવલ્લીના સૂચિત ચાર તાલુકાની વસતી આઠ લાખથી વધારે થવા જાય છે. રાજ્ય સરકાર તરફથી વિધાનસભાની ચૂંટણી પહેલાં અરવલ્લી જિલ્લાની ઘોષણા કરવામાં આવે તેવી આદિવાસી આગેવાનોએ માગણી કરી છે.





### લક્ષ્મીપુરા ગામે કૃષ્ણ જન્મોત્સવની ભારે ઉત્સાહપૂર્વક ઉજવણી કરાઈ

ખેડબ્રહ્માથી પૂર્વ દિશામાં આશરે ૭ કિ.મી. દૂર આવેલા લક્ષ્મીપુરા ગામે આવેલ **લક્ષ્મી-નારાયણ મંદિરમાં ગ્રામજનો દ્વારા** ભગવાન કૃષ્ણની જન્મ જયંતિ જન્માષ્ટમી પર્વની રંગે ચંગે ઉજવણી કરવામાં આવી હતી. જન્માષ્ટમી પર્વે ગામની વિવિધ ભજન મંડળી, મંડળો અને ભકતજનોએ આખી રાત દરમિયાન કૃષ્ણપદ-ગીતા ભજનોની સંતવાણીથી વાતાવરણ ભકિતમય બન્યું હતું.

**(તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર, લક્ષ્મીપુરા)**

### માણસા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ પદે કે.આર. પટેલની સતત આઠમી વાર વરણી

માણસા, તા. ૧૪

છેલ્લા કેટલાક સમયથી વિકાસની હરણફાળ ભરી રહેલા અને આગવી રીતે વિકાસના પંથે જઈ રહેલ માણસા તાલુકાનો જિલ્લા લેવલે વેપાર અને ઉદ્યોગોનો વિકાસ થાય અને વેપારીઓનું હિત સચવાય તે માટે સાત વર્ષ અગાઉ માણસા વેપારી મહામંડળની રચના કરવામાં આવી હતી.

જેમાં લોકઉપયોગી કેળવણી વિષયક કામો ઉપરાંત સરકારી, અર્ધસરકારી,સ્થાનિક સંસ્થાઓ અને મહાજન દ્વારા ચલાવાતા કાયદાઓને ઉત્તેજન તથા રોજગાર અને તેને સંબંધી ધંધાઓ અંગે પરીસંવાદ સંમેલનો તેમજ વેપાર ઉદ્યોગોને પડતી હાડમારીઓની યોગ્ય જગ્યાએ રજુઆત કરી અનુકૂળ ઉકેલના પ્રયત્નો કરવામાં આવે છે. જેથી સ્થાપનાથી સતત આઠમી વાર પ્રમુખ પદે કે.આર. પટેલની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી છે અને મંત્રી તરીકે જે.એમ. પટેલની વરણી કરવામાં આવી છે.

# ઉત્તર-મધ્ય ગુજરાતમાં મેઘ મહેર યથાવત

ગાંધીનગર, તા.૧૪

રાજયમાં વરસી રહેલા મેઘરાજાએ છેલ્લા ચોવીસ કલાક દરમિયાન ઉત્તર-મધ્ય ગુજરાતમાં મેઘ મહેર યથાવત રાખી છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના ૯૨ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે. રાજયમાં વરસાદી માહોલથી આનંદની લાગણી પ્રસરી છે.

રાજયના ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા. ૧૪-૮-૨૦૧૨ને સવારે ૭.૦૦ કલાકે પુરા થતા ૨૪ કલાક દરમિયાન મધ્ય ગુજરાતના વડોદરા જિલ્લાના ડભોઈમાં ૧૮૦ મી.મી. એટલે કે સાત ઈંચથી વધુ, બનાસકાંઠા જિલ્લાના અમીરગઢમાં ૧૨૭ મી.મી. એટલે કે પાંચ ઈંચથી વધુ, દાંતીવાડામાં ૧૦૩ મી.મી. અને દાહોદ જિલ્લાના દાહોદમાં ૧૦૨ મી.મી. એટલે કે ચાર ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો સાંપડયા છે.

આ ઉપરાંત સિદ્ધપુરમાં ૯૪ મી.મી., ઈડરમાં ૮૨ મી.મી., અમદાવાદ શહેરમાં ૭૬ મી.મી., બાલાસિનોરમાં ૮૬ મી.મી., જેતપુરપાવીમાં ૯૧ મી.મી., સંખેડામાં ૭૭ મી.મી. મળી કુલ ૬ તાલુકાઓમાં ત્રણ ઈંચથી વધુ જયારે ડીસામાં ૬૧ મી.મી., ઠાસરામાં ૪૯ મી.મી., ખેડામાં ૪૯ મી.મી., મહેમદાવાદમાં ૪૮ મી.મી., આણંદમાં ૫૩ મી.મી., સોજીત્રામાં ૫૪ મી.મી., ગોધરામાં ૫૪ મી.મી., જાંબુઘોડામાં ૫૧ મી.મી., દેવગઢબારીયામાં ૬૩ મી.મી., ગરબાડામાં ૫૨ મી.મી., લીમખેડામાં ૫૯ મી.મી. અને વાંસદામાં ૫૨ મી.મી. મળી કુલ ૧૭ તાલુકાઓમાં બે ઈંચથી વધુ વરસાદ પડયો છે.

રાજયના ચાણસ્મા, પાટણ, દાંતા, કાંકરેજ, કડી, ખેરાલુ, મહેસાણા, સતલાસણા, ઊંઝા, વિસનગર, ભિલોડા, વિજયનગર, દહેગામ, ગાંધીનગર, કલોલ, બાવળા, દસક્રોઈ, દેત્રોજ, ધોલકા, સાણંદ, કપડવંજ, મહુધા, બોરસદ, પેટલાદ, તારાપુર, ઉમરેઠ, છોટાઉદેપુર, કરજણ, પાદરા, સાવલી, ઘોઘંબા, હાલોલ, કડાણા, કાલોલ, મોરવાહડફ, સંતરામપુર, શહેરા, ધાનપુર, ફતેપુરા, બોટાદ, ઝઘડીયા, વાગરા અને નાંદોદ મળી કુલ ૪૩ તાલુકાઓમાં એક ઈંચથી વધુ જયારે અન્ય ૨૬ તાલુકાઓમાં અડધો ઈંચ કરતાં વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.

# મહેસાણા જિલ્લામાં મેઘરાજાના આગમનથી ખેડૂતોમાં ખુશીનો માહોલ

મહેસાણા, તા. ૧૪

ચોમાસુ વરસાદ ખેંચાતા મહેસાણા જિલ્લામાં મોડેથી ખરીફ પાકોની વાવણી થઈ હતી. અપૂરતા વરસાદને કારણે ગત વર્ષની તુલનાએ અનાજ, કઠોળ, તેલીબીયા વર્ગના પાકોનું વાવેતર ઓછુ થયું હતું. દરમિયાન વાવેતરો થયા બાદ વરસાદ ન થતા વાવેતરો નિષ્ફળ જાય તેવી સ્થિતિ ઉભી થતાં ખેડૂતો ચિંતાતુર બન્યા હતા. વરૂણદેવને રીઝવવા માટે ઠેર-ઠેર રામધૂન તેમજ મંદિરોમાં હોમ હવનના આયોજનો થયા હતા. દુષ્કાળના ઓળાને લઈને પશુધન માટે ઘાસચારાની અને પીવાના પાણીની તંગી ઉભી થઈ હતી. આવા સમયે મોડેમોડે મેઘરાજાએ મહેર કરતાં ખેતીવાડીને જીવનદાન મળી આવેલ છે. તેમજ પશુધન માટે ઘાસચારાની અને પાણીની તંગી હળવી થતાં પશુપાલકો અને ખેડૂતોને રાહત થવા પામી છે. વરસાદને પગલે જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓના ભાવો ખુબ વધ્યા હતા. તેમાં પીછેહટ થવા માંડી છે.

મહેસાણા જિલ્લાના ઊંઝા, બેચરાજી, કડી, વડનગર, ખેરાલુ, સતલાસણા, વિજાપુર તાલુકાઓમાં છેલ્લા બે દિવસ દરમિયાન મેઘરાજાની સારી કૃપા થઈ છે. હજી ઝરમર તેમજ હળવાથી મધ્યમ વરસાદના ઝાપટા સતત પડી રહ્યા છે. જેથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. સર્વસ્વ સારા વરસાદને લઈને ખેડૂતોએ ખેતરોમાં વરિયાળીના પાકની રોપણી તેમજ જુવારના વાવેતરની કામગીરી શરૂ કરી છે.

# સાબરકાંઠા જિલ્લામાં મેઘ મહેર

હિંમતનગર, તા. ૧૪

હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લામાં રવિવાર સવારથી સોમવાર સવાર સુધીના છેલ્લા ચોવીસ કલાકમાં ક્યાંક ઝાપટા તો ક્યાંક ઝરમર વરસાદ પડ્યો હતો. જેમાં સાબરકાંઠા જિલ્લા ઈમરજન્સી સેન્ટરથી જાણવા મળેલ જિલ્લાના તેર તાલુકામાં છેલ્લા ચોવીસ કલાક ધનસુરામાં ત્રણ ઈંચ વરસાદ વરસ્યો હતો જ્યારે જિલ્લામાં સર્વત્ર બે ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. જેમાં ઈડરમાં ૬૦ મી.મી., હિંમતનગરમાં ૫૨ મી.મી., તલોદમાં ૬૦ મી.મી., વડાલીમાં ૩૮ મી.મી., ખેડબ્રહ્મામાં ૫૬ મી.મી., વિજયનગરમાં ૪૬ મી.મી., ભિલોડામાં ૪૫ મી.મી., પ્રાંતિજમાં ૬૮ મી.મી., મોડાસામાં ૪૦ મી.મી., માલપુરમાં ૩૪ મી.મી., ધનસુરામાં ૭૬ મી.મી., મેઘરજમાં ૪૮ મી.મી., અને બાયડમાં ૫૪ મી.મી. વરસાદ નોંધાયો હતો.

જ્યારે સોમવારના દિવસ દરમિયાનમાં સવારથી સાંજના ચાર વાગ્યા દરમિયાન જિલ્લાના તેરમાંથી અગિયાર તાલુકામાં વરસાદ નોંધાયો હતો અને સૌથી વધુ એક ઈંચ વરસાદ ખેડબ્રહ્મામાં નોધાયો હતો. જેમાં ઈડરમાં ૧૫ મી.મી., હિંમતનગરમાં ૪ મી.મી., તલોદમાં ૧૩ મી.મી.,ખેડબ્રહ્મામાં ૨૫ મી.મી., વિજયનગરમાં ૧૩ મી.મી., ભિલોડામાં ૧ મી.મી., પ્રાંતિજમાં ૧ મી.મી., મોડાસામાં ૨ મી.મી., માલપુરમાં ૪ મી.મી., મેઘરજમાં ૪ મી.મી. અને બાયડમાં ૭ મી.મી. વરસાદ નોંધાયો હતો.

# દહેગામના ભૂતેશ્વરી ગામે ઝેરી જનાવર કરડતાં યુવાનનું મોત

ગાંધીનગર, તા. ૧૪

દહેગામ તાલુકાના ભુતેશ્વરી ગામે ગતરોજ ગામના જ યુવાનને ઘરના આંગણામાંથી ઝેરી જનાવર કરડતાં એક યુવાનનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે રખિયાલ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ દહેગામ તાલુકાના ભૂતેશ્વરી ગામના ગુણવંતસિંહ માધુસિંહ ચૌહાણ નામના યુવાનને ગતરોજ ઘરના આંગમામાંથી જ કોઈ ઝેરી જનાવર કરડતા યુવાનને ગાંધીનગર સિવિલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન યુવાનનું મૃત્યું થયું હતું. પોલીસ અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. વરસાદની સિઝન હોવાથી ગામડાઓમાં ઝેરી જનાવર નીકળતા હોય છે. અને લોકોને તેનો શિકાર બનાવતા હોય છે. ત્યારે આ દહેગામ અને રખિયાલ જેવા ગામોમાં તાત્કાલિક સારવાર મળતી નથી. તો બીજી તરફ નજીકના આરોગ્ય કેન્દ્ર ખાતે વેકસિન ઉપલબ્ધ ન હોવાથી ગાંધીનગર સિવિલ ખાતે ખસેડવામાં આવે છે. ગાંધીનગર સિવિલ ખાતે લી જતા સમય લાગે છે અને લોકો મૃત્યુ પામે છે. તેવું દહેગામ પંથકના લોકોનું માનવું છે. દહેગામ અને રખિયાલમાં વેક્સિન ઉપલબ્ધ થાય તો લોકોના જીવ બચાવી શકાય તેમ લોકો ઈચ્છી રહ્યા છે.


**જાહેરાત**

કાયદા વિભાગ, ૪, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર ખાતે તારીખ ૩૧-૮-૨૦૧૨ના રોજ બીન ઉપયોગી કોમ્પ્યુટર / કોમ્પ્યુટર હાર્ડવેરનો ટેન્ડર દ્વારા જાહેર હરાજીથી નિકાલ કરવાના હોવાથી હરાજી મુકવામાં આવેલ છે. ભાગ લેવા માંગતી પાર્ટીઓએ વેબસાઈટ જોવા તેમજ વિભાગની કો.સેલ (રજીસ્ટ્રી) શાખાનો સંપર્ક કરવા વિનંતી છે.

સહી/-
(ડી. એ. વોરા)
માહિતી/૧૦૬૨/૧૨-૧૩ સરકારના ઉપસચિવ, કાયદા વિભાગ

ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડ
(ગુજરાત સરકારનું સાહસ)
**રજી. કચેરી :** બીજ ભવન, સેકટરનં.૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
વાહન વિભાગ : ટેલીફોન નં. ૨૩૨૫૬૬૯૫, ૨૩૨૫૬૬૯૪, ૨૩૨૫૬૬૯૬
Website : www.gurabini.com

**જાહેરાત**

**જુની જીપ નં. જીજે-૧૮-એ-૧૪૨૭ (ડીઝલ) વાહન ટેન્ડર પદ્ધતિથી વેચાણ અંગે**

નિગમની માલિકીની **જુની મહિન્દ્રા જીપ મોડલ વર્ષ-૧૯૯૮ (ડીઝલ)** જ્યાં છે અને જેમ છે તે સ્થિતિમાં ટેન્ડરની શરતોને આધીન રહી ફક્ત ટેન્ડર પદ્ધતિથી વેચાણ કરવાની છે. જીપ રજાના દિવસો સિવાય કચેરી સમય દરમિયાન નિગમના મધ્યસ્થ ગોદામ સેક્ટર-૧૪, ગાંધીનગર ખાતે રૂબરૂમાં જોવા મળશે. વેચાણ અંગે ટેન્ડરની શરતો તથા ટેન્ડર ફોર્મ નિગમની વડી કચેરી, સેક્ટર-૧૦-અ, ગાંધીનગર ખાતેથી રૂ. ૧૦૦/- ટેન્ડર ફોર્મ ફી (નોન રીફન્ડેબલ) રોકડમાં ભરી તારીખ : ૧૬-૮-૧૨થી તા. ૧-૯-૧૨ સુધીમાં જાહેર રજાના દિવસો સિવાય સમય સવારે ૧૧-૦૦ થી સાંજે ૪-૦૦ કલાક સુધીમાં ખરીદવા રસ ધરાવતી પાર્ટીઓએ રૂબરૂ મેળવી લેવાના રહેશે. ભરેલ ટેન્ડરના સીલબંધ કવર છેલ્લી તારીખ : ૭-૯-૧૨ સમય સાંજે ૧૭-૦૦ કલાક સુધીમાં ફક્ત રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી સ્વીકારવામાં આવશે. જે હાજર રહેલ ટેન્ડરરોની હાજરીમાં તા. ૧૦-૯-૧૨ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે ખોલવામાં આવશે.

સહી/-
(યુ. ડી. સિંઘ)
મેનેજીંગ ડીરેક્ટર

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
**મોર્ડન મોટર્સ**
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

